647510 **BA0GujCC622A** **Seat No :________**

**B.A. Semester - 6 (*CBCS*) Examination**

**July-2025 (OLD COURSE)**

**GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO(CORE - 22)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ **નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.** (૧૪)

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈડું સીંચતાં રસ્તો આખો કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી, સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે,
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

- અનિલ જોશી

**અથવા**

પ્રશ્ન.૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને -
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને,
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.
સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને -
પીએ માટીની ગંધ મારાં મૂળ;
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ,
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં

-જયંત પાઠક

પ્રશ્ન.૨ **પ્રશ્ન. ૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.** (૧૪)

કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે સાવ ક્ષણિકના નિરૂપણમાં અનંતતા અને અજબતા સાથે જુએ-બતાવે તે જ કલ્પનાં નેત્ર. ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજે કાને નીકળી જવાની પ્રકૃતિવાળાં શબ્દઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નામાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ. નવું સંગીન અને બિનંગત, બિનંગત, સંગીન અને નવું ઉપજાવે તે સાહજિક સૌન્દર્યસેવક જ કવિ.

-બળવંતરાય ઠાકોર

**અથવા**

પ્રશ્ન.૨ **નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.**

પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદંશે તેની જીવનરીતિમાં પડે છે, પણ તેથી યે મહત્તર અંશે તે પ્રજાની વિચારપ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું-જીવનરીતિ, વિચારપ્રક્રિયાઓ, જીવનદૃષ્ટિ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યકિત પામે છે, અને એટલે, કોઇ પણ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો બહુ સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનના દર્શન અને તેના પ્રત્યેના ભાવ અને અભિગમના દૃષ્ટિબિંદુથી જોઇએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર ઉપર પ્રસ્થાપિત થયેલાં દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બન્નેએ તેમના ગૌરવાન્વિત યુગો દરમિયાન અમર ક્લાકૃતિઓ સર્જી છે. પણ તે કૃતિઓની ભાવ અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન ભિન્ન સ્તરની છે.

પ્રશ્ન.૩ **નીચેના માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો.** (૧૪)

(૧) શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ (૨) વૈશ્વિક અર્થ વ્યવસ્થામાં બીટકોઈનનું સ્થાન

(૩) વસતિ વિસ્ફોટ (૪) નવલકથા સ્વરૂપ

પ્રશ્ન.૪ **અરજી લેખન કરો.** (૧૪)

(૧) નાનુભા વાઘેલા, 'માતૃકૃપા', પુષ્પકુંજ સોસાયટી, ટેલીફોન એક્સચેન્જ ની બાજુમાં, દોઢસો ફૂટ રીંગ રોડ, રાજકોટના રહેવાસી પોતાના નિવાસ સ્થાનની બાજુમાં એક ઉદ્યાન શરૂ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીને માંગણી કરવા અરજી કરે છે - આ વિગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

અથવા

(૨) તીર્થ ગોકુલધામ સોસાયટી, પાવડર ગલી, મુંબઈથી અનિલ સવશીભાઈ મકવાણા મુંબઈથી જૂનાગઢની સ્પેશિયલ ટ્રેન શરૂ કરવવા માટે સચિવશ્રી રેલવે મંત્રાલય, ન્યુ - દિલ્હીને અરજી કરે છે. આ વીગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

પ્રશ્ન.૫ **(અ) નીચે આપેલ કોઈ પણ એક વિષય ઉપર અહેવાલ લખો.** (૦૭)

(૧) માતૃશ્રી વીરબાઈ મહિલા આર્ટ્સ કોલેજ, રાજકોટ ખાતે યોજાયેલા 'કાવ્ય-પઠન કાર્યશાળા' કાર્યક્રમનો અહેવાલ લખો

(૨) સરસ્વતી મહાવિદ્યાલય, મણિનગર, અમદાવાદનાં વાર્ષિક ઉત્સવનો અહેવાલ લખો

**(બ) અર્થ વિસ્તાર કરો. (કોઈપણ એક)**

(૧) ભૂખથીયે ભૂંડી ભીખ છે (૦૭)

(૨) મને એ જોઈને હસવું હજાર વાર આવે છે,
પ્રભુ, તારા બનાવેલા આજે તને બનાવે છે.

*************************